# એમ્બી પોલીયાર્નસને ફેડેક્સ બિઝનેસ લીગ એવોર્ડ

તા.૨૭: જીઓટેક્સટાઈલ્સ અને સ્પેશ્યાલિટી પોલીમર્સ ક્ષેત્રે વૈશ્વિક અસ્તિત્વ ધરાવતી મુંબઈ સ્થિત કંપની એમ્બી પોલીયાર્નસ લિમિટેડને રૂ.૨૦ કરોડથી રૂ.૨૦૦ કરોડની શ્રેણીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ બિઝનેસ લીગ એવોર્ડ એનાયત થયો છે. ભારત, શ્રીલંકા, યુ.એ.ઈ., કુવૈત સહિતના દક્ષિણ એશીયાના દેશોમાંથી ૩૦૪૦૦ નિકાસકાર કંપનીઓમાં આ એવોર્ડ માટે એમ્બી પોલીયાર્નસની પસંદગી થઈ છે. એમ્બી પોલીયાર્નસના સીઈઓ અશેષ ગર્ગે ચીનમાં ગુઆંગઝુઓ ખાતે આ એવોર્ડ સ્વીકારી જણાવ્યું હતું કે, કંપનીના નિકાસ અનુભવે કંપનીને તેની ગુણવત્તાનું સ્તર સુધારવા મદદ કરી છે. વૂવન પોલીઈથીલીન અને પોલીપ્રોપીલીન સ્થાપીત ઉત્પાદનો ધરાવતી કંપની ફલેકસીબલ ઈંટર મીડીયેટ બલ્ક કન્ટેઈનર, બલ્ક કન્ટેઈનર લાઈનર્સ, કેનાલ લાઈનર્સ, પ્રોટેકટીવ ઈરીગેશન સિસ્ટમ, ફલેકસીબલ વોટર ટેન્કસ, સહિત ક્ષેત્રે ૧૭ વર્ષનો બિઝનેસ ટ્રેક રેકોર્ડ ધરાવે છે.